

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ફરિયાદ ને મળે ન ન્યાય, ફરિયાદી રડે છે,*
*ચડે નીચલથી સુપ્રીમ સુધી, આરોપી રડે છે,*
*લડે છે સાવ ખોટું વકીલો, માણે મોજ તારીખે -*
*બન્યો 'ન્યાય' પણ ચર્ચા-સ્પદ ન્યાયાધીશો રડે છે..*

હાઈકુ

*ગુન્હો નિર્ભય,*
*સત્તા લગામે ન્યાય -*
*જામીન પર...*

*કરોડો કેસ,*
*કરે છે ઈંતેજાર -*
*'ન્યાય-ચૂકાદા'*

*(રાજકોટમાં ચિંતન-ચિંતા)*

### ચિંતન

**વિદ્યાધનં સર્વધન પ્રધાનમ્ ॥**

વિદ્યારુપી ધનને, બધાં ધનની તુલનામાં સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે.

સંસ્કૃત ભાષામાં વિદ્યાના વખાણ કરતું લખામ ઘણી જગ્યાએ મળે છે. એને માનવનું અતિ મોઘું ઘરેણું માનવામાં આવે છે. શું દેશમાં કે શું પરદેશમાં વિદ્યા એવો ચિંતામણી છે કે માનવને ઘણી ચિંતામાંથી મુક્ત કરીને એણે ચિંતરેલું સઘળું પ્રાપ્ત કરાવે છે.

વિદ્યા વિનાનો માણસ જડ, વિવેક રહિત અને વ્યર્થ જીવન વેડફનાર થઈને સમાજમાં ભારરૂપ બનતો જણાય છે, એટલે તો વિદ્યારુપી ધનને સૌ ધનને મુકાબલે, વધુ કિમતી અને ચડિયાતું માનવામાં આવે છે.

શિક્ષણનું મહત્ત્વ હવે આજની તારીખે સમાજને સમજાવવું એ આપણી સૌની સામાજિક શરમ છે. આપણા નેતાઓ અને સમાજસેવકો માત્ર પોતાનું સ્થાન-માન-મહત્ત્વ ટકાવી રાખવા પોતાોન સમાજ-પ્રજા-પછાત રહે એવું ઈચ્છે છે. શિક્ષણનું મહત્ત્વ સમજી જાગૃત થવાની જરુરી છે.

### સુવિચાર

- યશ ત્યાગથી મળે છે, દગા ફટકાથી નહીં - **પ્રેમચંદ**
- ભિક્ષા, ભિક્ષાની રીતે જ અપાય, લુંટાવી ન દેવાય - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- વિચારનો દિપક બુઝાઈ જાય ત્યારે, આપણો આચાર આંધળો થઈ જાય છે - **ચાણક્ય**
- ઉદ્યોગથી ગરીબાઈ નથી રહેતી, જપથી પાપ નથી રહેતાં, મૌન રહેવાથી કંકાસ નથી રહેતો, અને જાગતા રહેવાથી ભય નથી રહેતો - **અખંડ આનંદ**
- શંકાવાળા મનુષ્ય સાથે કદી ન રહેવું જોઈએ, જયારે સદાચારી મનુષ્યોની અડધી પળની સોબત પણ ઘણી જ લાભાદાયક છે - **કાલિદાસ**
- વાદળોની જેમ સજ્જનોનું લેવાનું પણ આપવા માટે જ હોય છે - **ધૂમકેતુ**
- આજનું ઔષધ : નાકમાંથી લોહી નીકળે તે ફટકડી ના પાણીમાં સ્વચ્છ રૂમાલ ભીનો કરી નાકમાં ફેરવવાથી નાકમાંથી લોહી નીકળતું બંધ થાય છે **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલના નેતાઓ-પ્રધાનો પોતાની ટીકા કરનારાં વર્તમાનપત્રો-પત્રકારો-ટીકાકારોને છેદ ઉડાડી તેમને કોઈ પણ રીતે પરેશાન કરી નાખે છે. તેમને 'સત્ય' સાંભળવાની ટેવ નથી હોતી.

એકવાર રશિયા મુખત્યાર ઝારે તેના સચિવને કહ્યું, આપણા સામ્રાજયમાં જે કોઈ લેખકો પત્રકારો મારી વિરુદ્ધ લખે કે બોલે છે એની યાદી તૈયાર કરો અને મને આપો.

સચિવે સો-દોઢસોની યાદી તૈયાર કરાવી અને 'ઝાર'ને આપી - ઝારે ફરી કહ્યું આમાંથી કટ્ટર જેવા આઠ-દશ શોધી કાઢો અને એની યાદી મને આપો. સચિવ હવે મુંઝાયો - કહ્યું આ બધા સારા પ્રતિષ્ઠિત અને બૌધિક માણસો છે જો તેમને સજા કરવામાં આવશે તો ખોટો-મોટો ઉહાપોહ થશે...

ઝાર કહે - આ બધાને મારા રાજયના સારા વહીવટદાર તરીકે હું નિમવા માગું છું અને જે શકત ટીકાકાર છે એવા આઠ દસને મારા અંગત સલાહકાર બનાવી મારી પાસે જ રાખવાની ઈચ્છા છે. ખૂશામતખોરો કરતાં આલોચકો જ આપણા સારા હિતેચ્છુ હોય છે.

## ઉત્તરપ્રદેશનો જંગ જીતવાની ઉંદરદોડ

પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના મતવિસ્તાર બલિયામાં પહોંચી જઈ ગરીબી રેખાથી નીચેના પરિવારોને ગેસ કનેકશન વહેંચનારા વડાપ્રધાને કહ્યું કે હું તો 'મજૂર નં.૧' છું. અહીં ગરીબોના પ્રશ્નો ઉકેલવા આવ્યો છું, ચૂંટણી માટે મતો માગવા નહીં, મધ્યમ કક્ષાનું સામાન્ય જ્ઞાન ધરાવતા કોઈ પણ માણસને એટલી તો સમજણ પડે જ કે પીએમ સાહેબ કંઈ દેશના મજૂર નથી, એ તો મહાન નેતા છે. દેશવિદેશમાં ઊડાઊડ કરતા રહે છે અને જ્યાં જાય ત્યાં પબ્લિક મોટી સંખ્યામાં ભેગી થઈ એમનો જયજયકાર કરે છે. વળી ગરીબોની વાત કરવી એ તો રાજકારણીઓની ફૅશનેબલ ફરજ બની ગઈ છે એટલે કરોડો રૂપિયા કપડાં પાછળ ખર્ચનારા વડાપ્રધાન પણ આવું કંઈ કહેતા હોય તો એને ખાસ સિરિયસલી લઈ લેવાની જરુર નથી. રાહુલ ગાંધી પણ પ્રકારાન્તરે આવી જ ભાષા બોલે છે અને મુલાયમસિંહ તો પોતે જ ગોવાળિયા છે. માયાવતી દલિત કન્યા છે એટલે આપોઆપ 'ગરીબોની મસીહા-બહેનજી' નું બહુમાન મળી જ જાય તે સમજી શકાય એમ છે. વર્ષો પહેલાં એક ઓલિયા માણસે આ દેશની ગરીબીથી દ્રવી જઈ એક જ વસ્ત્ર - લાજ ઢાંકવા પૂરતું પહેરવાની હૅબિટ પાડી હતી. એ માણસનું નામ ગાંધી હતું પણ સોનિયા ગાંધીની અટક જ ગાંધી છે. એ સિવાયનું તો હવે નરેન્દ્ર મોદીની સરકાર પૂરેપૂરી તપાસને અંતે 'સિગ્નોરા ગાંધી'ને જે સર્ટિફિકેટ આપે તે ખરું! અત્યારે તો મુદ્દો હાથવગો થઈ ગયો છે, જે ફક્ત ઉત્તરપ્રદેશની જ નહીં પરંતુ ગુજરાતની અને છેલ્લે ૨૦૧૯માં આવનારી લોકસભાની ચૂંટણી સુધી વટાવવા છતાં જીવતો જ રહેવાનો છે! બોફોર્સ કયારે થયું હશે એની તો નવી પેઢીને કદાચ ખબર પણ નહીં હોય, પરંતુ હવે ભ્રષ્ટાચાર માટેના પર્યાય શબ્દ તરીકે એ શબ્દ ચલણી બની ગયો છે. ઉત્તરપ્રદેશમાં જ રામજન્મભૂમિ પણ છે અને 'મંદિર વહી બનાયેંગે'ની પ્રતીજ્ઞાઓ લેનારા નેતાઓ ઘરડા થઈને હાંસિયે ધકેલાઈ ગયા છે, પણ રામલલા બિચારા ચૂપચાપ બધો ખેલ જોયા કરે છે. ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણી જીતવી તે દરેક રાજકીય મહારથી માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેલ છે. માયાવતીનો ઘોડો હાલ વિનમાં લાગે છે, એથીસ્તો ગરીબો પર ભુરકી છાંટવાનું મોદી સાહેબ માટે અનિવાર્ય બની ગયું છે. મુલાયમસિંહના વછેરાનું રાજકારણ ઊગતાની સાથે આથમી જાય તો 'નેતાજી'ના હુલામણા નામે જાણીતા મુલાયમ માટે દિલ્હીનું સપનું તો લખનૌ બેઠાં રોળાઈ જાય. એટલે સમાજવાદી પાર્ટીમાંથી હડધૂત કરી હાંકી કઢાયેલાં અમરસિંહને પાછા બોલાવી યેનકેન પ્રકારેણ ઉત્તરપ્રદેશનો ગઢ કબજે કરવાની કવાયત અખિલેશ અને

### તંત્રીસ્થાનેથી...

મુલાયમની બાપ દીકરાની જોડી પણ કરી રહી છે. તો વળી રાષ્ટ્રીય કક્ષાએ ગુમાવેલું વજૂદ પાછું મેળવવાનાં વલખાં તો કોંગ્રેસ પણ ક્યાં નથી મારતી? સાવ જ છેલ્લાં નંબરે ધકેલાઈ ગયેલી કોંગ્રેસને પં. નહેરુ અને ઈંદિરા ગાંધીની દુહાઈ દઈને ઉત્તરપ્રદેશમાં પુનર્જીવિત કરી શકાય ખરી? પ્રજામાં હજી પણ એ પરિવાર પ્રત્યેની લાગણી સાવ જ સુકાઈ ગઈ નથી. એથી કાં તો રાહુલ ભૈયા અથવા પ્રિયંકા દીદીનો ચહેરો આગળ ધરીને ઉત્તરપ્રદેશની આગામી ચૂંટણી જીતવા માટે કોંગ્રેસ પણ કમર કસી રહી છે. પ્રિયંકા હજી વણવપરાયેલું કાર્ડ છે - પ્રજાને એ આકર્ષી શકે એણ છે. તેથી રાહુલને 'સિંઘમ્' સ્વરુપે રજૂ કરી ઉત્તરપ્રદેશમાં માથું ઊંચકનારાં અનિષ્ઠ પરિબળોને જેર ખરવાની જરુર હોવાનો પ્રચાર આરંભાયો છે. સત્તાની આ ઉંદરદોડમાં કોણ આગળ નીકળી જશે એ કહેવું અઘરું છે, પરંતુ એક વાત નક્કી છે કે બિહારમાં નીતીશ-લાલુએ જે શાણપણભર્યું ગઠબંધન રચી ભાજપનો રથ અટકાવ્યો હતો એવો વિચાર અહીં કોઈને પણ સૂઝવાનો નથી!

## મનના ધાગાના શુભ્ર, રક્ત, શ્યામ અને ગુલાબી રંગો...



વિચારોના મધુવનમાં
પ્રો. રાકેશ પટેલ

હમણાં રીક્ષા પાછળ નાનકડા બાળકનું જૂનું ચપલ ઈજ્જતભેર લટકાવેલું જોયું! રીક્ષા મસ્તીથી ભાગી રહી હતી. જાણે કે... ચપલ તેને દોડાવી રહ્યું હોય...(!) તેવો નઝારો હતો. રીક્ષાચાલક વિચારતો હશે.. 'હવે મારી રીક્ષામાં પંચર પણ પડશે નહી... અકસ્માત નડશે નહી... બીજી કોઈ શક્યતા ગંભીર સમસ્યા નહિ નડે. આશ્ચર્ય ખૂબ થયું, વિચાર્યું કે આવું કેમ ! બીજો અનુભવ કહું ... એક પુસ્તક વેચાણ કેન્દ્રમાં ગયો. ત્યાં બધા વિષયોના પુસ્તકો જોયા. પુસ્તકો વચ્ચે કેટલાક પુસ્તકોના નામ આશ્ચર્યજનક હતાં જેવા કે... લાલ કિતાબ, કાલા જાદુ, જાદુ-ટોના ઔર જીતો સબકો.... વગેરે. ત્રીજો એક અનુભવ કહું. ગામડામાં અને શહેરમાં ચાર રસ્તા પર નારિયેલ અને જાત-જાતના માન્યતાઓ સહિતના પડીકા મૂકેલા જોવા મળે છે. જાણે બધા દુઃખોને વાળી-જૂળીને ચાર રસ્તા પર પધરાવી દીધાં. તેઓ વિચારતાં હશે કે :' આપણા ઘરની મુશ્કેલીઓ અને ગંદકી ગામના ચાર રસ્તે ફેંકીને આપણે શુદ્ધ-સાત્ત્વિક બની ગયા'.

મારી સાથે હોસ્ટેલમાં રહેતો નવયુવાન પોતાનું કોઈ પણ કરતા પહેલા અમુક વિચિત્ર હરકત કરે જ! ક્યારેક લૂંગીને ઉપર-નીચે કરે પછી જ કપડા પહેરે, ક્યારેક રૂમ બંધ કરીને પાછો ત્રણ વખત ખોલે... પછી જ બંધ કરે. વરંવાર હાથ ધોયા કરે અને પછી હાથ લૂછ્યા કરે. મારા ગામનો એક માણસ માથા પર મધ્યાહનનો સૂરજ આવવાનો થાય ત્યારે જ પથારીને છોડે. આખું ગામ નીંદરમાં હોય ત્યારે તે પદ્ધતિસર પથારી કરતો હોય. ક્યાંય કોઈ કરચલી ન રહે તેની પૂરી તકેદારી રાખે. જરા પણ એવું લાગે કે મારી પથારી બરાબર નથી તો આખી પથારી ફરી તૈયાર થાય. રાત્રીના અંધારાના સહારે જે કોઈ મળે તેની સાથે ચર્ચા કરે.

સામાન્ય માણસને તો એવું જ લાગે કે શું છે આ બધું ? તેની બુદ્ધિ બહેર મારી જાય કે હું તો આવું કશું કરી શકતો નથી. મારે શું કરવું ? જોવા જઈએ તો લગભગ માનવમાત્ર જ્યાં હોય છે ત્યાં આ બધી શક્યતાઓ રહેલી છે. તેમાં ભણેલી કે અભણ પ્રજા કોઈ પણ હોય. અંતે એવું તારણ જોવા મળે છે કે જે વ્યક્તિઓ કોઈથી દબાયેલી, કચડાયેલી, ગુલામ માનસિકતા ધરાવતી હોય તો આ શક્યતાઓ વધારે છે. બાળપણમાં માતા-પિતાનો સહવાસ ન મળ્યો હોય, વ્યસની બાપ અને ઝઘડાખોર માતાના સંતાનો પોતાને બીજાથી નોખા દેખાડવા કંઈક નુસખાઓ કરતા રહે છે. જો આ પ્રકારનું વર્તન નિર્દોષતા તરફના હોય તો વાંધો નથી. પણ તેમાં બીજાને અડચણ કે હેરાનગતિ થતી હોય તો વાત કાબુ બહાર બની જાય છે.

છાપામાં જાહેરાતો આવતી રહે છે. જાણે રાતોરાત મુશ્કેલીઓથી આપણે હજારો માઈલ દૂર જતા રહીશું તેવો અનુભવ થયા કરે. 'પ્રેમસંબંધમાં આવતી મુશ્કેલી ચપટીમાં દૂર કરી દઈશું.' 'અમે મારણ અને વશીકરણથી કોઈને પણ તમારી પાછળ ફરતાં કરી શકીશું'. 'નોકરી અને છોકરીની કોઈ પણ સમસ્યાનો અમે પળવારમાં ઉપાય શોધી આપીશું'.

સામાન્ય રીતે આપણે આ બધી બાબતોને સ્વીકારતા નથી. વધુ ઉત્સાહી હોઈએ તો તરત વિરોધ કરવા લાગી જઈએ. કોઈ કોઈ તો કહેવા માંડે કે : 'ભાઈ ! એ તો... એવી દશા થાય તો આપણે પણ ધંધે લાગી જઈએ. ડૂબતો માણસ તરણું પકડે તેમ...હા..' વાસ્તવમાં આ બધા માનસિક ઉપચારોના જુદા જુદા આયામો છે. કોઈના હાથમાં જુદા-જુદા રંગના ધાગા-દોરા આપણે જોઈએ છીએ. બે ક્ષણ માટે તેને જોઈએ અને પછી વાતો આગળ ચાલે. પણ મનમાં તો થાય કે અમિતાભ બચ્ચનનાં હાથમાં આ કાળો ધાગો છે તે જરૂર તેને સફળતા અપાવતો હશે. વિરાટ કોહલીના ગળામાં કાળો દોરો કેવો સરસ શોભી રહ્યો. જરૂર તેણે જે ફટકા માર્યા તેમાં આ દોરાની શક્તિ કામ કરી ગઈ હશે. અરે! મોદી સાહેબના કાંડાને જોજો. મસ્ત કાળા ધાગા સોહી રહ્યા છે. સુંદર રીતે ગોઠવાયેલા લાલ અભિમંત્રીત ધાગા ઘણા લોકો કાંડા પર કે ગળામાં ધારણ કરતા હોય છે.

કપિલદેવ સૂર્યદેવના દર્શન ખેલાડીઓને મહાત કરવા મેદાને પડતો. ગાવસ્કરને હેલમેટની એલર્જી હતી. કોઈને તેના વાળની લટમાં સફળતા લાગતી હોય. કેટલાક મહાનુભાવો લાંબા વાળમાં મહાન સફળતા જોતા હોય છે. કાર્યની સફળતામાં કેટલીક બાબતો અનુકૂળ લાગે છે. તેના વ્યક્તિત્વને યોગ્ય રીતે નીખારી શકે. હરેક વ્યક્તિત્વની બે

**અનુસંધાન પાના નં. ૭ પર**

## દૃઢ ઇચ્છાશક્તિ, જરુરી પરિશ્રમ, સતત પ્રયાસ અને પુરુષાર્થ આગળ ગમે તેવી મુશ્કેલીઓ પણ વામણી પુરવાર થાય છે



નવાં કલેવર
નટવર હેડાઉ

તે મોટેભાગે કૉલેજની બહાર કે પગથીયાં ચડતાં ઉત્તરતાં વચ્ચે મળી જતી. કયારેક વળી મહાત્મા મંદિરથી વિધાનસભા વચ્ચેના બગીચાના વાંકડે તેની એક બે બહેનપણીઓ સાથે વાત કરતી જોવા મળતી. હળવું સ્મિત અને આત્મીયતભાવે પૂર્ણ મૌંન સ્થિતિમાં એકબીજાને આવકારતા. તેનું નામ સ્વાતિ હતું. તે દિવસે કૉલેજની ઑફિસમાં બહાર પરસાળમાં લગાવેલ નોટીસબોર્ડ પર પટાવાળા રામસહાયે એક સૂચના લગાવી તે જોવા કૉલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ એકઠાં થઈ ગયાં. નોટીસ બોર્ડ પર મારું નામ ચીપકાવેલું હતું. કેમ કે છેલ્લા બે માસથી કૉલેજની ફીના રૂપિયા પાંચસો હું ભરી શક્યો ન હતો. આ નોટીસ દરેક કલાસમાં પણ પ્રવક્તા દ્વારા સંભળાવવામાં આવી. હું નીચું જોઈ એ રીતે બેઠો હતો મેં કોઈ મોટો ગુન્હો કરી નાંખ્યો હોય. સ્વાતિની બેંચ નજીકમાં જ હતી. જોયું તો તેનો ચહેરો રાતોપીળો થઈ રહ્યો હતો. તેના ચહેરાની ભાવરેખાઓ કંઈક કહી રહી હતી.

પરબ પાસે પટેલ ઊભાં મારી રાહ જોઈ રહ્યો હતો. મને જોઈને એકદમ તે મારી પાસે આવ્યો અને પાંચસોની નોટ મારા ખીસામાં જબરજસ્તી નાંખી ચાલતો થયો. હું તેને રોકવા માંગતો હતો પણ એ પોતાના મિત્રો સાથે ચાલ્યો ગયો. બીજે દિવસે હું સીધો કૉલેજની ઑફિસના કારકુન સાથે પહોંચ્યો. ફીના પૈસા જમા કરાવવા ગયો તો ખબર પડી કે એ તો ગઈ કાલે જ જમા થઈ ગયા છે. સ્વાતિએ એ જમા કરાવી દીધા હતા. મેં વિચાર્યું દુનિયામાં ભલા માણસોની કમી નથી. મેં તરત જઈ આભાર વ્યક્ત કરતાં ફીની રકમ પરત આપવાનું કહ્યું તો સ્વાતિ ભડકી ગઈ. શું એક સાથીદાર માટે એટલું ય ન કરી શકાય? માણસ જ માણસને કામ આવે છે. મારે જરુર હશે ત્યારે પાછા માંગી લઈશ. હું ઈચ્છું તો પટેલે આપેલ પૈસા મારા ખિસ્સામાં હતા. તે હું આપી શકતો હતો પણ એવું સાહસ એકઠું કરી શક્યો નહીં.

આજ પહેલીવાર હું પટેલની સાથે કૉલેજની કેન્ટીમાં ચ્હા પીવા ગયો. તે પણ એ માટે કે મને હેડકી આવતી હતી. સ્વાતિ પણ ચ્હા પીવા તેની બહેનપણી સાથે રોજ અહીં આવતી હતી. જયારે તેને મારી હેડકીનો અવાજ સંભળાયો તો તેણે કહ્યું, 'તમને કોઈ તમારું યાદ કરતું લાગે છે.' મેં કહ્યું 'મેડમ, પત્ની કે બાળકો તો છે નહીં, માબાપનો છાંયો બાળપણમાં જ ગુમાવી ચૂક્યો છું. કાકા જમીનના ઝઘડાને કારણે વર્ષોથી બોલાવતા નથી. એકલરામ છું. તેમાં વળી મને કોણ યાદ કરે?'

સ્વાતિ શાંત, ગંભીર અને ઉદાસ સ્વભાવવાળી છોકરી છે. બીજાને મદદરુપ થવાનું તેને ગમે છે. તેથી તો કૉલેજની નજીકમાં જ આવેલ સિવિલ હોસ્પિટલમાં તે અવારનવાર સેવા આપવામાં જાય છે હું અને પટેલ એક દિવસ હોસ્પિટલમાં વોર્ડ નંબર આઠમાં એક સંબંધીની ખબર કાઢવા ગયેલા ત્યારે જોયું તો સ્વાતિ ત્યાં પોતાના હાથે સફરજનના ટુકડા કરી દર્દીને ખવડાવતી હતી. વ્યવસ્થા કરવી, કોઈ સ્વૈચ્છિક સંસ્થાનો સંપર્ક કરી જરુરિયાત મંદ દર્દીને વિના મૂલ્યે દવા તથા લોહી ઉપલબ્ધ કરાવવું એ તેના માટે રોજનું કામ હતું.

આજે પુસ્તકાલયમાં તે અચાનક મળી ગઈ. મનોવિજ્ઞાનનાં ત્રણ પુસ્તકો તેણે એક સાથે કઢાવતાં મને આશ્ચર્ય થયું. કદાચ હવે પછીનો પિરિયત મનોવિજ્ઞાનનો હોઈ આમ કર્યું હશે. પુસ્તકો લીધો બાદ અમે બંને સાથે સાથે પગથીયાં ઉતરતાં હતાં ત્યારે તેણે કહ્યું, 'સુમિત, મનોવિજ્ઞાનનો અવબોધવાળો પાઠ સમજાતો નથી. તમે મને સમજાવશો? આ સાંભળી મારું અહંમ પોરુષ પુરુષત્વ જાગી ગયું છે. હા, હા.. કેમ નહીં. મેં કહ્યું, તો લ્યો આ પુસ્તકો તેમાં એ પ્રકરણ વિગતવાર લખેલું છે તમને તૈયારી કરવામાં સારું રહેશે. હું તેનું મનોવિજ્ઞાન સમજી ન શક્યો.'

કાલે રવિવાર હોવાથી આજે જ તેને પાઠ શિખવાડવો પડે તેમ હતો. કૉલેજ પુરી થયા બાદ ત્યાં બગીચામાં જ ગુલમહોરની નીચે બેસી તે ટોપીક સમજાવી દીધો. તેને સંતોષ થયો હોય એવું મને લાગ્યું. પુછેલા પ્રશ્નોના બરાબર જવાબો મળી જતાં તેનું મૂલ્યાંકન પણ થઈ ગયું. મને મનમાં ડર હતો કે આ ભણવા-ભણાવવાનો સીલસીલો નિરંતર ચાલું ન થઈ જાય થયું પણ એવું જ. અઠવાડિયા પછી જુદા જુદા વિષયના પુસ્તકો અને પાઠોનું એક લાંબુ લીસ્ટ મને પકડાવતાં તેણે કહ્યું, 'તમને તકલીફ આપું છું. માફ કરજો. સમય કાઢીને આ પાછો તૈયાર કરાવજો. મેં વિચાર્યું મુસીબતના સમયે તેણે આપેલા સહયોગને કંઈ રીતે ભૂલી શકાય. વળી પુસ્તકોથી મને પણ લાભ તો થાય જ છે.'

ખુબ જ વ્યસ્તતાને કારણે તે હમણાં હેમલતાને મળી શક્યો નથી. આ અજાણ્યા શહેરમાં એક જ તો એક સ્વજન જેવી છે. વાર્ષિક પરીક્ષા થઈ ગઈ. આચાર્ય તરફથી બધા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સાંજે ડીનર પાર્ટી આપવામાં આવેલી. સ્વાતિ પણ આવેલી, જમ્યા બાદ અને ઘણી વાતો કરી. તે પછી મેં મને હેમલતાને ઘેર ઉતારી જવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે તે મારી પાસેથી હેમલતા બાબત જાણવા માંગતી હતી. મેં તેને જણાવ્યું કે આ એ જ હેમલતા છે જેની સાથે હું લગ્ન કરવાનો હતો પરંતુ સંજોગવશાત્ તેમ થઈ ન શક્યું. તેનાં લગ્ન એક કોમ્પ્યુટર એન્જીનીયર સાથે થયાં છે. હેમલતા અને મારી વચ્ચે જ્ઞાતિબાધને કારણે મામાએ અમારી સગાઈ રોકી દીધેલી. પણ હેમલતાએ અમારી પહેલી મુલાકાતમાં એક બીજાંને આગળ વધવામાં મદદ કરવાના અને સુખદુઃખમાં સાથ સહયોગ આપવાના સોગંધ લીધા હતા. તેણે અમારો સંબંધ ન થઈ શકવા છતાં પોતાનો વાયદો પુરી કરી બતાવ્યો. તેણે મને આ બી.એડ્. કૉલેજમાં એડમિશન અપાવેલું.

અમે બંને તેના એક્ટીવા પર હેમલતાના ઘરે પહોંચ્યા, સાથે ચ્હા પીતા હતા ત્યારે હેમલતાએ કહ્યું કે સુમિત અમે બંને બાળપણની સહેલીઓ છીએ. પહેલા ધોરણથી એમ.એ. સુધી સાથે ભણેલાં. મેં જ તારા અભ્યાસ અને જરૂરિયાતનું ધ્યાન રાખવાનું તેને સોંપ્યું હતું. આ સાંભળી હું રોમાંચિત થયો. મેં કહ્યું, 'હેમા આ વાત પહેલાં તેં મને કેમ ન કરી.'

રવિવારનો રજાનો દિવસ હોવાથી સ્વાતિ સવારે હોસ્ટેલ પર આવ્યો. સરિતા ઉદ્યાન સાથે આવવાનો આગ્રહ કરતા મને તેના એક્ટીવા પર લઈ ગઈ. મેં પણ સરિતા ઉદ્યાન જોયેલું નથી તેથી તેની સાથે તૈયાર થઈ ગયો. ત્યાં પહોંચ્યા પછી તેના વિગત અને વર્તમાનની વાતો સાંભળી હું દ્રવીભુત થઈ ગયો. તેની આંખોમાં આંસુ વહેતા હતા. મેં મારી સહાનુભૂતિ બતાવવાં કહ્યું સ્વાતિ એટલું યાદ રાખજે કે બે અક્ષરનું લક, અઢી અક્ષરનું ભાગ્ય અને ત્રણ અક્ષરના નસીબ તેમ સાડા ત્રણ અક્ષરના કિસ્મત પાસે ચાર અક્ષરની મહેનત મોટી ચીજ છે. દઢ ઈચ્છાશક્તિ, જરુરી પરિશ્રમ, સતત પ્રયાસ અને પુરુષાર્થ આગળ ગમે તેવી મુશ્કેલીઓ પણ વામણી પુરવાર થાય છે. તેવા કુટુંબમાં એક નાની બહેન અને વિધવામાં ઉપરાંત એક અપંગભાઈ છે. બધાંની જવાબદારી સ્વાતિ પર છે. પિતાના અડધા પેન્શન પર ગુજરાન ચલાવવું પડે છે. તેણે એમ.એસ.સી. ભૌતિકવિજ્ઞાન સાથે

**અનુસંધાન પાના નં. ૭ પર**

## ગાડી બુલા રહી હૈ...!! મેરે સપનોં કી રાની કબ આયેગી તું...!!

'મેરે સપનોં કી રાની કપ આયેગી તું, આઈ ઋતુ મસ્તાની કબ આયેગી તું...', 'ચલ છૈયાં છૈયાં...', 'ગાડી બુલા રહી હે, સિટી બજા રહી હૈ...', 'આઓં બચ્ચોં તુમ્હે દીખાયે ઝાંકી હિંદુસ્તાન કી...', 'રેલગાડી છુકછુક, બીચ વાલ સ્ટેશન બોલે રુક રુક', 'આ આન્ટે અમલાપુરમ્...' આ અને આવાં અનેક ગીતો સાંભળીએ એટલે તરત જ નજર સમક્ષ ડુંગરોમાં દોડતી અને વરાળના એન્જિનવાળી ટ્રેન દેખાય... ઈન્ડિયન માઉન્ટેન રેલ્વેના નામની પ્રસિદ્ધ હિલ સ્ટેશનની મજા કરવાની રેલગાડીની સફર જીવનમાં એકાદવાર તો માણવા જેવી જ છે.



ભારતીય નૈસર્ગિક સૌંદર્ય જો નજીકથી માણવું હોય તો આ રેલગાડી જેવી રોમાંચક સફર કોઈ જ નથી. રસ્તાની સાથોસાથ દોડતી, ડુંગરા, ઝરણા, વૃક્ષો, પ્રાણી, પક્ષી, ત્યાંના ઘરો, વસ્તી બધાનું ધીમે ધીમે દર્શન કરાવતી આ ટ્રેનોને ટોયટ્રેન પણ કહેવાય છે... 'દાર્જીલીંગ હિમાલયન રેલ્વે', 'નિલગીરી માઉન્ટેન રેલ્વે', 'કાલકા શિમલા રેલ્વે' અને 'માથેરાન હિલ સ્ટેશન' આ મજાની ટ્રેનોના પ્રવાસ જેટલો રોમાંચક છે. એટલો જ એનો ઈતિહાસ પણ રોચક છે...

ડી.એચ.આર. એટલે કે દાર્જીલીંગ હિમાલયન રેલ્વેની ૧૮૮૧માં બનેલી ૮૮ કિ.મી. ના રુટવાળી ન્યુ જલપાઈગુડી થી દાર્જીલીંગની ટ્રેન વન નંબરનું સ્થાન ધરાવે છે. કોમ્પ્યુટરના જમાનાપૂર્વેની એન્જિનીયરીંગ કમાલ જુઓ કે સીધાં ચઢાણ ચઢવાં એન્જિનને સરળ પડે માટે લુપ્સ અને અંગ્રેજી ઝેડ આકારના રિવર્સ બનાવ્યાં છે, અને એમાંય દાર્જીલીંગના પાંચ કિ.મી. અગાઉ આવતો 'બતાસિયા લૂપ' ફેમસ છે.

આ ટ્રેનમાં ફિલ્માવેલા ગીતોમાં મેરે સપનોં કી રાની - આરાધના, મૈં હું ઝુમ ઝુમ - ઝુમરું, મૈં ચલી, મૈં ચલી - પ્રોફેસર, કુછ તો મજા - પરિણિતા, દિલ હે મેરા દિવાના - રાજુ બન ગયા જેન્ટલમેન જેવા ગીતો પ્રસિદ્ધ છે... આ ટ્રેનની મજા એટલે ચાલુ ગાડીએ નીચે ઉતરી શકાય અને ફળ-નાસ્તો ખરીદીને, થોડુંક ઉપર દોડીને પાછું ટ્રેનમાં ચઢી પણ જવાય,

> *કેટલું નાવીન્ય લાવી હોય ટ્રેન,*
> *પર્વતોને ખૂંદનારી ટોયટ્રેન.*
> *એકધારી એમ જોઈ છે તને,*
> *જેમ બાળકની નજરમાં હોય ટ્રેન!*

રાજેશ ખન્ના-શર્મિલા ટાગોરે આ ટ્રેનને વધુ પ્રસિદ્ધ કરી તો છેલ્લે રણવીર કપૂરની 'બર્ફી' માં પણ આ ટ્રેન જોવા મળેલી...

દાર્જીલીંગ ટ્રેન દોડતી કર્યા બાદ બ્રિટીશરોએ દક્ષિણ ભારતમાં એન.એમ. આર એટલે કે નિલગીરી માઉન્ટેન રેલ્વે તરફ એનો મોર્ચો વાળ્યો. મેટ્ટુપલાયમ થી ઉદકમંડલમ્ (ઊટી) ની ૪૬ કિ.મી.નો આ પ્રોજેક્ટ ૧૮૫૪માં અસ્તિત્વમાં આવ્યો, ૧૮૯૧માં શરુ થયો અને છેક ૧૯૦૮ માં શરૂ થયો, આ રૂટમાં ૧૬ બોગડા અને ૨૫ પુલ છે, આ ટ્રેનને જોડેલાં એન્જિન સ્વિત્ઝરલેન્ડ કંપનીના બનેલા છે, જયારે આ ટોયટ્રેન દક્ષિણની અનેક ફિલ્મોમાં દેખાય છે, હોગા તુમસે પ્યારા કૌન - જમાને કો દિખાના હે અને શાહરુખનું પ્રસિદ્ધ ગીત ચલ છૈયાં છેયાં દિલ સે નું શુટીંગ આ ટ્રેનમાં થયેલું છે!

કે.એસ.આર. એટલે કાલકા શિમલા રેલ... બ્રિટીશરોની મનગમતી જગ્યા, નેપાળને હરાવીને આ પ્રાંત પોતાના કબજામાં કર્યા બાદ સાચા અર્થમાં એમણે શિમલાને શણગાર્યું. દિલ્હીનો ઉનાળો આ ધોળીયાઓને સહન થાય નહીં એટલે સીધા શિમલા પહોંચી જાય. ૯૬ કિ.મી.ની લાઈન માટે ૮૬ કરોડનો અંદાજ ૧૮૬૪માં નક્કી થયેલો જે ટ્રેન દોડતાં સુધી ડબલ થઈ ગયેલો... આ ટ્રેનનો પ્રવાસ એક અદ્‌ભૂત સાઈટ સિઈંગ છે. વર્લ્ડની હાઈએસ્ટ મસ્ટી આર્ક ગેલેરી બ્રીજ અને ૮૬૪ પુલ ધરાવતાં આ ટ્રેનમાં મુજે અપના યાર બનાલો - બોયફ્રેન્ડ અને ગાડી બુલા રહી હે, સિટી બજા રહી હે - દોસ્ત ફિલ્મના ગીતો ફિલ્માવેલાં છે.

એમ.એમ.આર. એટલે માથેરાન હિલ રેલ્વે, માત્ર ૨૦ કિ.મી.નો રુટ, કર્જત-મુંબઈની નજીક, મહારાષ્ટ્રીય લોકોનું હાથવગું હિલ સ્ટેશન. નેરળથી માથેરાનના આ પ્રવાસમાં પર્વત ભ્રમણ અવશ્ય છે અને એથી લાલ માટીના દર્શન થાય છે, આ રુટ પર માક એક જ બોગદું આવે છે અને લોકોએ એને મશ્કરીમાં 'વન કિસ ટનલ' એવું નામ આપ્યું છે...



Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

કે.વી. આર. એટલે કાંગરા વેલી રેલવે... પઠાણકોટથી જોગીન્દર નગર વચ્ચે ૧૬૩ કિ.મી. દોડતી આ ટોયટ્રેનને કાન્ગ્રા ટોયટ્રેન તરીકે ઓળખાય છે, કુદરતી સૌંદર્ય અને હિંદુ દેવસ્થાનોનું દર્શન કરાવતી આ ટ્રેન ઉતાવળા લોકો માટે કામની નથી!

ભારતની વિવિધ ટોયટ્રેનમાં સૌથી છેલ્લી એન્ટ્રી લેનાર પણ સૌથી સુપર્બ ટ્રેન એટલે કાશ્મીર રેલવે... જમ્મુ - ઉધમપુર - શ્રીનગર - બારામુલ્લા રેલ્વે લિંક જેવું લાંબુ લચાક નામ ધરાવતી આ ટ્રેનનો રુટ પણ ૩૪૫ કિ.મી. જેટલો અધધ લાંબો છે. આ રુટ પર અતિ ગર્મી, ઠંડી અને ભૂકંપ જેવા ભયસ્થાનો વચ્ચે આ પ્રોજેક્ટની ડિઝાઈન કરનારાં એન્જીનીયરો માટે એક ચેલેન્જ જ છે, હજી આ ટ્રેન શરુ થઈ નથી પણ એની ઉત્સુકતા છે...

આસામમાં આવેલી બુમડીંગ - હાફલોંગ - બાદરપુર હિલ સ્ટેશન પર ૧૨૦ કિ.મી. લાંબા રુટની માહુર-હરાંગાજીઓ ટ્રેન રુટ પર ૩૭ ટનલ, ૫૮૬ બ્રિજ, ૨૪ સ્ટેશન આવેલાં છે. ચાના બગીચામાંથી પસાર થતી આ ટ્રેન અને એના સહેલાણીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી છે, કદાચ દૂરનો રુટ હોવાથી એવું બને...

ભારતના વિવિધ હિલ સ્ટેશન અને ત્યાં આવેલી ટોયટ્રેન સાથે અન્ય પણ કેટલાંક ગીતો ટ્રેન સાથે સંકળાયેલા છે એની માહિતી ફિલ્મના શોખીન અને જેમની સાથે બેસી હિન્દી ફિલ્મી ગીતો માણવા ગમે એવાં શરદભાઈ વ્યાસે વિગતવાર આપતાં ટોય ટ્રેનની સફર વધુ સંગીતમય બની છે, આવો જરા ટ્રેનના ગીતોને યાદ કરી લઈએ...

આઓ બચ્ચો તુમ્હે દિખાયેં ઝાંખી હિન્દુસ્તાન કી - જાગૃતિ, દેખ તેરે સંસાર કી હાલત ક્યા હો ગઈ ભગવાન - નાસ્તિક, બસ્તી, બસ્તી પર્બત પર્બત ગાતા જાએ બંજારા - રેલવે પ્લેટફોર્મ, હૈ અપના દીલ તો આવારા - સોલવા સાલ, પ્યાર બાંટતે ચલો - હમ સબ ઉસ્તાદ હૈ, રૂખ સે જરા નકાબ હટાવો - મેરે હુઝુર... બધાં ગીતો યાદ કરો ટ્રેન - પ્લેટફોર્મ - બોગી બધું દેખાવા લાગશે...

રેલગાડી - આશીર્વાદ (અશોક કુમાર), હમદોનો દો પ્રેમી - અજબની,

**અનુસંધાન પાના નં. ૭ પર**